ભાવનગર મહાનગરપાલિકા **BHAVNAGAR MUNICIPAL CORPORATION**

સેક્રે.દ.હુ.જા.નં. ૦૮

**સેક્રેટરી કાર્યાલય**
મહાનગરપાલિકા,
ભાવનગર.
તા.૧૨/૦૯/૨૦૨૪.

વિષય :– **"આસીસ્ટન્ટ સેક્રેટરી" સંવર્ગમાં નિમણુંક આપવા બાબત.**

સંદર્ભ :–
(૧) શ્રી સ્ટે.ક.ઠ.નં.૮૮૯ તા.૨૭/૦૩/૨૦૨૩.
(૨) ક્રમાંક/મહેકમ/૬/૧૩૦ તા.૨૫/૦૧/૨૦૨૪ થી આવેલ દરખાસ્ત.
(૩) સ્ટે.ક.ચે.આ.નં.૭૯૬ તા.૦૫/૦૨/૨૦૨૪.
(૪) ક્રમાંક/મહેકમ/૬/૬૯ તા.૦૭/૦૮/૨૦૨૪
(૫) શ્રી સ્ટે.ક.ઠ.નં.૨૭૦ તા.૨૯/૦૮/૨૦૨૪થી મળેલ મંજુરી.

**હુકમ :–**

ભાવનગર મહાનગરપાલિકાનાં બોર્ડ એન્ડ કમિટિ (સેક્રેટરી) વિભાગે "આસીસ્ટન્ટ સેક્રેટરી" સંવર્ગની ૧(એક) જગ્યાની ભરતી કરવા માટે સંદર્ભ–(૧)થી કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ–(૨)થી કમિશ્નરશ્રી તરફથી "આસીસ્ટન્ટ સેક્રેટરી" સંવર્ગની ૧(એક) જગ્યા ભરવા દરખાસ્ત આવેલ. સંદર્ભ–(૩)થી જરૂરી પૂર્તતા અર્થે સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી દ્વારા કમિશ્નરશ્રીને અસલ પ્રકરણ પરત મોકલેલ. બાદ સંદર્ભ–(૪) થી જરૂરી પૂર્તતા સાથે કમિશ્નરશ્રી તરફથી અસલ પ્રકરણ પરત આવતા, બોર્ડ એન્ડ કમિટિ (સેક્રેટરી) વિભાગે "આસીસ્ટન્ટ સેક્રેટરી" સંવર્ગમાં નિમણુંક આપવા સંદર્ભ–(૫)થી શ્રી સ્ટેન્ડીંગ કમિટિની મળેલ મંજુરી અનુસાર નીચે જણાવેલ ૧(એક) ઉમેદવારને તેના નામ અને દર્શાવેલ વિભાગમાં લીયન અને ફરજ રાખી "આસીસ્ટન્ટ સેક્રેટરી" સંવર્ગમાં સરકારશ્રીનાં નિયમો મુજબ હાજર થયા તારીખથી પ્રથમ ૨(બે) વર્ષનો સમયગાળો પ્રોબેશન ધોરણે રાખી આર.ઓ.પી.૨૦૦૬ મુજબ પગાર ધોરણ રૂા.૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ–પે ૪૬૦૦/ આર.ઓ.પી. ૨૦૧૬ ના મેટ્રીક્ષ લેવલ–૮ મુજબ રૂા.૪૪૯૦૦–૧૪૨૪૦૦ ના પગાર ધોરણમાં તથા સરકારશ્રી વખતોવખત નિયત કરે તે રીતે મળવાપાત્ર અન્ય ભથ્થાઓ સાથે પ્રોબેશન ધોરણે નિમણુંક આપવા આથી હુકમ કરવામાં આવે છે. નિમણુંકની અન્ય શરતો આ સાથે સામેલ પરિશિષ્ટ–એ મુજબ રહેશે.

| ક્રમ | મેરીટ ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની કેટેગરી | નિમણુંક કેટેગરી | નિમણુંકનો લીયન તથા ફરજનો વિભાગ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | શ્રી આકાશ હિતેશભાઈ દાણીધારીયા | બિન અનામત | બિન અનામત | બોર્ડ એન્ડ કમિટિ (સેક્રેટરી) |

- **મે.શ્રી સ્ટેન્ડીંગ કમિટિની આજ્ઞાનુસાર :–**

૧૨/૦૯/૨૪ સેક્રેટરી,
મહાનગરપાલિકા,ભાવનગર.

**નકલ સવિનય જાણ થવા સારૂ :–**
(૧) માન.ચેરમેનશ્રી,
સ્ટેન્ડીંગ કમિટિ,
મહાનગરપાલિકા,ભાવનગર.
(૨) માન.કમિશ્નરશ્રી,
મહાનગરપાલિકા,ભાવનગર.

**નકલ જાણ થવા તથા અમલ થવા સારૂ :–**
(૧) શ્રી આકાશ હિતેશભાઈ દાણીધારીયા
(૨) ચીફ ઓડીટરશ્રી, મહાનગરપાલિકા,ભાવનગર.
(૩) ચીફ એકાઉન્ટન્ટશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર.
(૪) કોમ્પ્યુટર વિભાગ (ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવા સારૂ)
(૫) એસ્ટા કલાર્ક, બોર્ડ એન્ડ કમિટિ (સેક્રેટરી) વિભાગ,
(૬) સબંધીત ફાઈલે.

## પરિશિષ્ટ–એ

## –:: શ ર તો ::–

(૧) આ હુકમ મળ્યેથી દિવસ–૧૫ માં બોર્ડ એન્ડ કમિટિ (સેક્રેટરી) વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહેશે. જો નિયત સમયમાં ફરજ પર હાજર નહી થાવ તો આ હુકમ આપોઆપ રદ થશે. તે અંગે કોઈ નોટીસ કે પત્રવ્યવહાર કરવામાં આવશે નહી.

(૨) હાજર થવાના સમયે હાલ જયાં ફરજ બજાવો છો તે સંસ્થા દ્વારા રાજીનામું મંજુર થયાનો આધાર રજુ કરવાનો રહેશે.

(૩) આ નિમણુંક ઉમેદવારની સેવાની શરતો સબંધમાં ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર વખતો વખત જે નિર્ણયો કે નીતિ નકકી કરે તે બંધનકર્તા રહેશે.

(૪) ભાવનગર મહાનગરપાલિકાની સેવા અન્ય મહાનગરપાલિકામાં બદલીને પાત્ર નથી. આથી આ નિમણુંક પામેલ કર્મચારીની અન્ય મહાનગરપાલિકામાં કે સરકારશ્રીનાં અન્ય વિભાગોમાં બદલી થઈ શકશે નહી તેમજ પ્રતિનિયુકિતની માંગણીઓ પણ કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખવામાં આવશે નહી આ શરત તમોને બંધનકર્તા રહેશે. આમ છતા આપના દ્વારા આવી બદલી કે પ્રતિનિયુકિતની માંગણી કર્યેથી આપની વિરુધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) જન્મ તારીખ અંગે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તેમજ શૈક્ષણિક લાયકાત અંગેનાં તમામ પ્રમાણપત્રોની ખરી નકલ ફરજ પર હાજર થતા સમયે રજુ કરવાની રહેશે.

(૬) ઉમેદવારશ્રીની આ નિમણુંક તેમના શારીરીક યોગ્યતાનાં અંગે સ્થાયી તબીબી તપાસપંચનું તબીબી પ્રમાણપત્ર મોકલવામાં આવનાર છે તેને આધીન રહેશે. ગુજરાત મુલ્કી સેવા(નોકરીની સામાન્ય શરતો) નિયમો–૨૦૦૨ નાં નિયમ–૧૬ મુજબ શારીરીક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજુ નહી કરે અથવા તબીબી તપાસમાં આ જગ્યાએ નિમણુંક માટે અનફીટ જાહેર થશે તો તેમની અજમાયશી સેવા સમાપ્ત કરવામાં આવશે.

(૭) ફરજ પર હાજર થયેથી સર્વિસ બુક રજુ કરવાની રહેશે.

(૮) ભાવનગર મહાનગરપાલિકાના તા.૨૫/૭/૧૧ ના હુકમ મુજબ વર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવા પાત્ર રહેશે.

(૯) ફરજ પર હાજર થતા સમયે બે રાજયપત્રિત અધિકારીશ્રીઓનાં ચાલ ચલગત અંગે ચારિત્ર્યના પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

(૧૦) જે જગ્યા પર નિમણુંક કરવામાં આવે છે, તે જગ્યા અંગે નિમણુંકી અધિકારી દ્વારા જે ફરજો અને જવાબદારીઓ નકકી થયેલ છે તે મુજબ તથા વખતો વખત તેમા જે ફેરફારો કરવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(૧૧) નોકરી છોડવા / રાજીનામું આપવા બાબતે ૩૦ દિવસ અગાઉ જાણ કરવાની રહેશે અથવા ૧ માસનો નોટીસ પગાર તથા સેક્રેટરીશ્રી દ્વારા ઠરાવવામાં આવે તેટલી બોન્ડની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૧૨) પ્રોબેશન સમય દરમ્યાનની સેવા સક્ષમ અધિકારીને સંતોષકારક નહી જણાય તો કોઈપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે. આ નિમણુંક અજમાયશી/ પ્રોબેશનનાં ધોરણે ગણાશે.

....૨....

(૧૩) આ ભરતી માટે ફાઈનલ થયેલ મેરીટ યાદીમાં દર્શાવેલ મેરીટ ક્રમ મુજબ સીનીયોરીટી ક્રમ જાળવવાનો રહેશે.આ હુકમ અન્વયે ફરજ પર હાજર થયેથી ઉપરોકત તમામ શરતો કબુલ મંજુર છે, તેમ માનવામાં આવશે.

(૧૪) નિમણુંક થયેલ ઉમેદવારે સેક્રેટરીશ્રી દ્વારા ઠરાવવામાં આવે તેવું તથા તેટલી રકમનું બોન્ડ ભરવાનું રહેશે. નિમણુંક થયેલ ઉમેદવારને નિમણુંકવાળી જગ્યા ઉપર હાજર થયેથી આ શરત બંધનકર્તા રહેશે.

(૧૫) કોમ્પ્યુટર કૌશલ્યના તાલીમ અને પરિક્ષા નિયમો–૨૦૦૬ ની જોગવાઈ મુજબ ભાવનગર મહાનગરપાલિકાની સેવામાં દાખલ થયા બાદ સરકારશ્રીના અભ્યાસક્રમ મુજબની સી.સી.સી. પરિક્ષા સરકાર ધ્વારા માન્ય કેન્દ્રો ધ્વારા લેવાય તેમાં ઉપસ્થિત રહીને પસાર કરવાની રહેશે. અરજી સમયે રજુ કરેલ સી.સી.સી. સર્ટીફીકેટ સરકારી નોકરીમાં દાખલ થવા માટેની આ લાયકાત એક પૂર્વ લાયકાત તરીકે છે. જેથી પસંદગી યાદી બાદ સરકારશ્રીની ખાતાકીય તાલીમ ભાગરૂપે ફીકસ પગાર સમય દરમ્યાન સરકારે ઠરાવેલી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો–૨૦૦૬ ની સી.સી.સી. + ની સરકારશ્રીના પરિક્ષા કેન્દ્રો ધ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે.

(૧૬) ઉમેદવારશ્રીએ કાર્યમથક પરના રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

(૧૭) ઉમેદવારશ્રીએ કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજર રહી ફરજ બજાવવાની રહેશે. તેમજ અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકાશે નહી જાહેર રજાના દિવસોએ પણ સરકારી / કચેરીની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઈ શકશે નહી.

(૧૮) ઉમેદવારશ્રીએ શાખા/કચેરીના તરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ ધ્વારા સોંપવામાં આવે તેવી અન્ય ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

(૧૯) ઉમેદવારશ્રીએ અજમાયશી/પ્રોબેશન સેવાના સમય દરમ્યાનની કામગીરી અંગે ઉપરી અધિકારીને મોકલાવેલ મૂલ્યાંકન અહેવાલના સબંધમાં સક્ષમ અધિકારીને કામગીરી સંતોષકારક નહી જણાય તો ફીકસ પગાર સમય દરમ્યાન કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી સેવાનો અંત લાવવામાં આવશે.

(૨૦) ઉમેદવારશ્રીએ ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો –૧૯૭૧ થી વર્તણૂંક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલા છે તે તેમજ જી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ વર્તણૂંક કરે તે અપેક્ષિત છે.

૧૮/૦૭/૨૫

સેક્રેટરી,
મહાનગરપાલિકા, ભાવનગર.